

# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

ડિસેમ્બર મહિનો એટલે પરિષદના જ્ઞાનસત્ર કે અધિવેશનનો મહિનો. આ વખતે ૨૮મું જ્ઞાનસત્ર મધ્યપ્રદેશના ઇન્દોર મુકામે ત્યાંના ગુજરાતી સમાજના નિમંત્રણથી પરિષદપ્રમુખ શ્રી ધીરુ પરીખની અધ્યક્ષતામાં યોજાવાનું છે. ઇન્દોરની આજુબાજુનાં સ્થળો જોવાલાયક છે જેનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ છે. જ્ઞાનસત્રમાં આવનાર મહાકાલના દર્શન કરવા ઉજ્જૈન જઈ શકે કે બાજબહાદુર અને રાની રૂપમતીનાં સ્મરણ સાચવતા માંડુનો પ્રવાસ પણ કરી શકે છે. ગુજરાતી ભાષા સાથે નાતો ધરાવતા સૌકોઈ આ જ્ઞાનસત્રમાં આવે એવી પરિષદની લાગણી છે.

નવેમ્બર મહિનો પ્રવૃત્તિની દૃષ્ટિએ દિવાળીના સમયના કારણે થોડો ઓછો પ્રવૃત્ત છે તેમ છતાં કાવ્યની પાઠશાળા બુધસભા પ્રતિ બુધવારે યોજાતી રહી છે. એ જ રીતે પહેલા અને ત્રીજા ગુરુવારે પાક્ષિકી પણ નિયમિત રીતે ચાલે છે. બુધસભામાં માત્ર કાવ્યની વાત જ થાય છે જ્યારે પાક્ષિકીમાં ટૂંકી વાર્તા ઉપરાંત અન્ય ગદ્યસ્વરૂપો વિશે પણ ચર્ચા કરાય છે.

તા. ૬-૧૧-૨૦૧૧ના રોજ પાક્ષિકી અંતર્ગત આપણા જાણીતા ગઝલકાર શ્રી ચિનુ મોદીએ એમની વાર્તા 'એબ'નું પઠન કર્યું હતું. તા. ૨૦-૧૧-૨૦૧૪ના રોજ પારુલ કં. દેસાઈએ એમની વાર્તા 'ફ્રેન્કલી રિકવેસ્ટ'નું પઠન કર્યું હતું. અને રમેશ ર. દવેએ સંજય ચૌહાણની વાર્તા 'તરાગ'નો આસ્વાદ કરાવ્યો હતો.

પરિષદે સાહિત્યવારસો અંતર્ગત રાજકોટ મુકામે લેંગ લાયબ્રેરીના સહકારથી યોજેલ કાર્યક્રમમાં કવિશ્રી મનોહર ત્રિવેદીનાં કાવ્યોનું પઠન થયું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને શ્રી અરવિંદભાઈ મણિલાલ પુસ્તકાલયના પ્રમુખ ડૉ. નિરંજનભાઈ પરીષ ઉપસ્થિત રહ્યા હતા. નીતિનભાઈ વડગામાએ આ કાર્યક્રમની ભૂમિકા દર્શાવી હતી તેમજ આભારદર્શન કર્યું હતું. કવિ મનોહર ત્રિવેદીનાં ગીતોનો એક આગવો ચાહકવર્ગ છે તે આ કાર્યક્રમથી પ્રતીત થયું. મનોહર ત્રિવેદીએ કાવ્યપાઠ સાથે એમની કેફિયત પણ રજૂ કરી હતી.

– પ્રફુલ્લ રાવલ

વિશેષ નોંધ : પરબ દર મહિનાની ૧૦મી તારીખે ટપાલ દ્વારા રવાના થાય છે. જો એક માસમાં અંક ના મળે તો પરિષદને લેખિત ફરિયાદ કરવી. સ્ટોકમાં અંક હશે તો રવાના કરીશું.

**પરિષદના આગામી કાર્યક્રમો**

તા. ૪-૧૨-૨૦૧૪ના રોજ પાક્ષિકી અંતર્ગત વાર્તાનું પઠન કરશે સાંજે ૬-૧૫ કલાકે.

**વિશ્વકવિતા કેન્દ્ર અંતર્ગત**

તા. ૩, ૧૦, ૧૭, ૨૪-૧૨-૨૦૧૪ના રોજ બુધસભા અને તા. ૩૦-૧૨-૨૦૧૪ના રોજ વ્યાખ્યાન સાંજે ૭-૦૦ કલાકે.

**માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ**

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધનકેન્દ્રના ઉપક્રમે 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ'ના આયોજન રૂપે તા. ૨-૨-૨૦૧૫થી ૧૯-૨-૨૦૧૫ દરમિયાન, વાચનકૌશલની સજ્જતા કેળવાય તે અભિગમથી વિવિધ વ્યાખ્યાનો યોજવામાં આવે છે, જેમાં કોઈ પણ ભાષારસિક – ભાષાજિજ્ઞાસુ, વયભેદ કે વ્યવસાયભેદ વગર જોડાઈ શકે છે. આ અભ્યાસક્રમની ફી ૩૦૦ રૂપિયા રાખવામાં આવી છે. વર્ગોનો સમય સાંજે ૫.૦૦ થી ૬.૩૦ (સોમવારથી શનિવાર) રહેશે. અભ્યાસક્રમમાં સર્વશ્રી યોગેન્દ્ર વ્યાસ, અરવિંદ ભાંડારી, રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, કીર્તિદા શાહ, પિંકી પંડ્યા, સતીશ વ્યાસ, પારુલ કંદર્પ દેસાઈ, કિશોરી ચંદારાણા વગેરે તજ્જ્ઞો સેવા આપશે. રસ ધરાવનારે પરિષદ કાર્યાલયમાં ફૉર્મ ફી ભરી જવા વિનંતી છે.

## ૨૮મું જ્ઞાનસત્ર, ઇન્દોર

**૧૯-૨૦-૨૧ ડિસેમ્બર, ૨૦૧૪**

**: ઉદ્‌ઘાટન-બેઠક :**

**તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર, સવારે ૧૧.૦૦થી ૧.૦૦**

ગીત : સંગીતવૃંદ
સ્વાગત : ડૉ. દિવાકર શાહ
શ્રી પંકજભાઈ સંઘવી
ઉદ્‌ઘાટક/અતિથિ : શ્રી ચંદ્રકાન્ત દેવતાલે
સરોજકુમાર જૈન
અધ્યક્ષ : શ્રી ધીરુ પરીખ
પ્રમુખશ્રીનો પરિચય : શ્રી પ્રફુલ્લ રાવલ
પ્રાસંગિક : શ્રી રઘુવીર ચૌધરી, હર્ષ બ્રહ્મભટ્ટ
પરિષદનો અહેવાલ : શ્રી પ્રફુલ્લ રાવલ (મહામંત્રી)
સંચાલન : શ્રી પ્રફુલ્લ રાવલ

**: બીજી બેઠક :**

**તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૫.૦૦**

સર્જકનું પુનઃમૂલ્યાંકન : બકુલ ત્રિપાઠી
અધ્યક્ષ : શ્રી હસિત મહેતા
(બકુલ ત્રિપાઠીના લલિત-હાસ્યનિબંધો)

અતિથિવિશેષ : શ્રી રતિલાલ બોરીસાગર

બકુલ ત્રિપાઠીના સાહિત્યમાં

રાજકીય કટાક્ષ : શ્રી ઉર્વીશ કોઠારી

બકુલ ત્રિપાઠીની હાસ્યરચનાઓ : શ્રી રવીન્દ્ર પારેખ

સંચાલન : શ્રી જનક નાયક

બકુલ ત્રિપાઠીનો સાક્ષાત્કાર (દશ્ય-શ્રાવ્ય) : ડૉ. દિવાકર શાહ

**: ત્રીજી બેઠક :**

**તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર રાત્રે ૭.૩૦થી ૮.૩૦**

પારિતોષિક વિતરણ

અધ્યક્ષ : શ્રી ધીરુ પરીખ

સંચાલન : શ્રી ઉષા ઉપાધ્યાય

**: ચોથી બેઠક :**

**આસ્વાદ**

બકુલ ત્રિપાઠીનો હાસ્યદરબાર : શ્રી ગુણવંત વ્યાસ

તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સવારે ૮.૦૦થી ૯.૦૦

મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક

**: પાંચમી બેઠક :**

**તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સવારે ૧૦.૦૦થી ૧.૦૦**

**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

અધ્યક્ષ : શ્રી મનસુખ સલ્લા

કવિતા : શ્રી સુધાબહેન ચૌહાણ

નાટક : શ્રી પ્રભુદાસ પટેલ

વિવેચન : શ્રી હેતલ ગાંધી

ચરિત્ર-સાહિત્ય : શ્રી પ્રશાંત પટેલ

અનુવાદ : શ્રી દર્શના ત્રિવેદી

સંચાલન : શ્રી નીતિન વડગામા

**: છઠ્ઠી બેઠક :**

**તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સમય ૩.૦૦થી ૬.૦૦**

**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

અધ્યક્ષ : શ્રી માધવ રામાનુજ

ટૂંકી વાર્તા : શ્રી દીવાન ઠાકોર

નવલકથા : શ્રી કેશુભાઈ દેસાઈ (૨૦૧૨)
શ્રી કનૈયાલાલ ભટ્ટ (૨૦૧૩)

નિબંધ : શ્રી કિશોરસિંહ સોલંકી

સંશોધન-સંપાદન : શ્રી પિંકી પંડ્યા

બાળસાહિત્ય : શ્રી મીનાક્ષી ચંદારાણા
સંચાલન : શ્રી કીર્તિદા શાહ

**: સાતમી બેઠક :**

**રાત્રે ૮.૩૦થી યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ**

**ઇન્દોરના સર્જકો સાથે મુલાકાત**

**પુસ્તકમિત્રોનું સન્માન : શ્રી રઘુવીર ચૌધરી**

**Last Appointment – નાટકની ભજવણી**

**: આઠમી બેઠક :**

**તા. ૨૧-૧૨-૨૦૧૪, રવિવાર સવારે ૯.૦૦થી ૧૧.૩૦**

સાહિત્ય સ્વરૂપ : નવી સદીનાં નાટકો : પ્રવાહો અને પડકારો
અધ્યક્ષ : શ્રી મહેશ ચંપકલાલ
અતિથિવિશેષ : શ્રી સતીશ વ્યાસ
બદલાતું નેપથ્ય : શ્રી પ્રવીણ પંડ્યા,
ઐતિહાસિક-પૌરાણિક અને
ચરિત્રકેન્દ્રી નાટકો, નવી સદીમાં : શ્રી ધ્વનિલ પારેખ
'નવી' સદીમાં 'જૂનાં' નાટકો : શ્રી મહેન્દ્રસિંહ પરમાર
સંચાલન : શ્રી અજયસિંહ ચૌહાણ

**: નવમી સમાપન બેઠક :**

**તા. ૨૧-૧૨-૨૦૧૪, રવિવાર બપોરે ૧૧.૩૦થી ૧૨.૩૦**

આભારદર્શન : યજમાન સંસ્થા વતી
ગુજરાતી સાહિત્ય પરિષદ વતી : શ્રી પ્રફુલ્લ રાવલ, મહામંત્રી

નોંધ : જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂ. ૩૦૦/- તથા પ્રતિનિધિ શુલ્ક રૂ. ૨૦૦/- ભરવાના રહેશે. કુલ રૂ. ૫૦૦/- થશે. વિદ્યાર્થીઓએ ૫૦% રકમ રૂ. ૨૫૦/- ભરવાના રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.) ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૦-૧૨-૧૪ સુધીમાં પરિષદ કાર્યાલય – અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

**સંપર્ક : શ્રી ગુજરાતી સમાજ, ઇન્દોર**

૧, નાસિયારોડ, ઈન્દોર-૪૫૨૦૦૧

ફોન : (૦૭૩૧) ૨૭૦૬૪૬૮ મો. ૯૩૨૯૪૦૬૪૬૮

નિખિલ દેસાઈ : ૯૮૨૬૬૧૧૫૯૯

તા. ૧૯-૧૨-૨૦૧૪ના રોજ શાંતિ એક્સપ્રેસ, અવંતિકા એક્સપ્રેસમાં આવનાર પ્રતિનિધિઓ માટે ઈન્દોરના પ્લેટફોર્મ નં-૫ પર યજમાન સંસ્થાના સ્વયંસેવકો પૂછપરછ માટે હાજર હશે.

## સાહિત્યવૃત્ત

ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે દર્શકની જન્મશતાબ્દી નિમિત્તે 'દર્શકનું વિચારવિશ્વ' વિશે શ્રી પ્રકાશ ન. શાહે વક્તવ્ય આપ્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈએ પ્રાસ્તાવિક વક્તવ્ય આપ્યું હતું. શ્રી પ્રફુલ્લ રાવલે વક્તાનો પરિચય કરાવ્યો હતો.

□

ગુજરાત વિશ્વકોશમાં તા. ૨-૧૦-૨૦૧૪ના રોજ ગાંધી જન્મજયંતી નિમિત્તે 'ગાંધી અમદાવાદમાં' એ વિષય પર ડૉ. માણેક પટેલ 'સેતુ'એ વ્યાખ્યાન આપ્યું હતું.

□

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના લલિતકલા કેન્દ્ર દ્વારા વિખ્યાત ચિત્રકાર શ્રી ગુલામમોહમ્મદ શેખે 'કળાથી જીવતર ભણી' (ચિત્રો અને અન્ય કૃતિઓ) વિશે ગુજરાત વિશ્વકોશ ભવનમાં ૬ઠ્ઠી ઓક્ટોબરે સાંજે ૫.૦૦ વાગ્યે વ્યાખ્યાન આપ્યું હતું.

□

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવતી વ્યાખ્યાનશ્રેણીમાં શ્રી સંજય ચૌધરીએ 'ગિરનાર પરિક્રમા અને અનુભવો' એ વિષય પર દશ્ય-શ્રાવ્યના માધ્યમથી સુંદર વ્યાખ્યાન આપ્યું હતું.

□

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીમાં 'નળાખ્યાન : પ્રેમાનંદનો પ્રજ્ઞાપ્રસાદ' વિશે ડૉ. ચંદ્રકાન્ત શેઠે વ્યાખ્યાન આપ્યું હતું.

□

ઓમ કોમ્યુનિકેશન દ્વારા તા. ૧૨-૧૧-૨૦૧૪ના રોજ સાંજે ૬ કલાકે સાહિત્ય પરિષદ ખાતે સાહિત્યકાર અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના ૭૮માં જન્મદિન નિમિત્તે સ્મૃતિવંદનાનો કાર્યક્રમ યોજાયો આ નિમિત્તે શ્રી યોગેશ જોષીએ, શ્રી સુમન શાહે, શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટે, સતીશ વ્યાસે વક્તવ્યો આપ્યાં હતાં. તેમજ આરતી પટેલે જાણીતા ચરિત્ર-નિબંધ 'બાબુ વીજળી'નું પઠન કર્યું હતું.


**ગુજરાતી સાહિત્ય પરિષદ**

યોજશે

**પુસ્તક મેળો**

**સ્થળ :** ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રાંગણમાં

ગુજરાતી સાહિત્ય પરિષદમાં પ્રકાશિત પ્રકાશકોનાં શિષ્ટ પુસ્તકો

આ મેળામાંથી મળશે. વધુ વિગત આવતા અંકે